

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ટિકીટના ડખામાં ક્યાંક ફૂટ, ફાટ પડી ગઈ!*
*નાણાથી કે દબાણેથી ક્યાંક ખાટ, ખોટ પડી ગઈ,*
*છે જીતનો ગર્વ તો ક્યાંક સેવા ચાટ પડી ગઈ!*
*ફરતા રહ્યા ઘાણીમાં, ટિકીટ ઘાટ ઘડી ગઈ*
*(આયાતી ઉમેદવારો)*

### હાઈકુ

*મુખે આવેલો*
*પરિશ્રમનો પ્યાલો -*
*છીનવી લીધો...*

*જીવન ભર*
*પિલાયા, કર્યો શ્રમ -*
*ઢોળ્યું તેલ...*

### ચિંતન

**ભૈં ભૈં પ્રિથિમિ દહું દિ સિધાવૈં, અસ્થિર હોય ન ઔષધ પાવૈં ।**
**હોય ભિસ્ત જો ચિત ન ડોલાવૈ ખસમહિં છાંડિકે દોજક ધાવૈ ॥**

**પૃથ્વી ઉપર પશુઓની માફક ભૈં ભૈં કરતા-કરતા ચારે તરફ ચંચળ ચિત્તવાળા થઈ સ્વર્ગ અગર મોક્ષ માટે દોડે છે, પણ તેમને જન્મ-મરણ રૂપ સંસાર મળે છે. મોક્ષ મળતો નથી.**

**અણસમજુ લોકો મુક્તિ મેળવવા માટે પશુઓની માફક ભૈં-ભૈં કરતા પૃથ્વી ઉપર ચારે દિશામાં ઘૂમે છે, પણ તેઓ મન અસ્થિર-ચંચળ ન હોય તો તેમને જરૂર મુક્તિ મળત, પરંતુ તેઓ તો ચંચળ ચિત્ત વાળા બની ઈશ્વર તરફ નહીં પણ નરક તરફ દોડી રહ્યા છે. તેમની ઈચ્છા તો સ્વર્ગ મેળવવાની, પણ સાધના કરે છે, નર્ક પ્રાપ્ત થાય એવી પ્રથમ ઈશ્વરને જાણે પછી સમજપૂર્વક તેની ભક્તિ કરે તો પછી મુક્તિ પ્રાપ્ત થઈ શકે, કેમ કે સત્પુરુષ, પરમાત્મારુપ, ઈશ્વરની પ્રાપ્તિ એ જ મુક્તિ છે.**

### સુવિચાર

- સંપૂર્ણ સત્ય જ્ઞાન વડે જ સંભાળી શકે - **સંત બેનેડિક્ટ**
- વિવેકબુદ્ધિ અને સ્પષ્ટ વાણી એ બે બાબતોમાં માણસ પશુ કરતાં ચડિયાતો છે - **કૌટિલ્ય**
- તાઉમ્ર બસ એક હી સબક યાદ રખીયે, 'દોસ્તી' ઔર 'ઈબાદત' મેં નિયત સાફ રખીયેં - **અખંડ આનંદ**
- તોફાનોમાં ફક્ત તેઓ તરીને પાર નીકળે છે, ફરી વળતું નથી જે લોકોની હિંમત ઉપર પાણી - **એસ. ભટ્ટાચાર્ય**
- સૂર્ય પણ શરમાતો હશે આજના માણસની કલાકારી પર, રોશની જેની આજકાલ યુનિટોમાં વેચાય છે - **મુંબઈ સમાચાર**
- માણસનું મુલ્યાંકન તેના સંતાનો પરથી ઠરાવવું જોઈએ - **ઈસુ**
- સજ્જન પુરુષો ક્ષમા વડે જ દુષ્ટ લોકોને નિસ્તેજ બનાવી દે છે - **ભર્તૃહરિ**
- આજનું ઔષધ : તાપમાં ફરવાથી પગનાં તળિયા બળતા હોય તો અરીઠાના પાણીમાં થોડીવાર પગ બોળી રાખવાથી રાહત થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

સ્વામી રામતીર્થ જયારે લાહોરમાં કૉલેજમાં ભણાવતા હતા અને એમનું સંસારી નામ હતું તીર્થરામ. એકવાર ઘર પાસેથી લીંબુ વેચાવા નીકળ્યા. લીંબુ સરસ હતા, તીર્થરામની જીભે કહ્યું, 'લીંબુ લઈલો રસીલા છે.' તીર્થરામ જરાક અચકાયા ત્યાં ફરી જીભે કહ્યું, 'લીંબુ તો ખાવાની વસ્તુ છે તો ખાવામાં વાંધો શું છે ?' તીર્થરામે બે લીંબુ લીધા, પત્નીને કહ્યું, 'લાવો ચપ્પુ' ત્યાં વળી જીભે કહ્યું, 'એને કાપો અને લીંબુનું શરબત બનાવો અને મજાથી પી લો' જેવું શરબતનો ગ્લાસ મોઢે માંડવા ગયા ત્યાં ભીતરથી કોઈએ પોકારીને કહ્યું, 'શું તું આ જીભનો દાસ છે ?આ જીભ જે કહેશે તેમ તું કરશે ? જીભ તારી છે, તું જીભનો નથી.' ત્યાં પાસે ઊભેલી પત્ની એ કહ્યું, 'કેમ શરબત પીતા નથી ? તમે જ તો શરબદ બનાવ્યું છે.' જીભે કહ્યું, 'ઉતાવળ કરો, શરબત સરસ છે.' ત્યારે રામતીર્થ ઊભા થઈ શરબત ઢોળી નાખ્યું અને પ્રસન્નતાથી નાચવા લાગ્યા.

ઈન્દ્રિયોને વશ કરવાનો આ વિધિ છે.

કોઈ પણ વ્યસન, સ્વાદ, રસનો ત્યાગ કરવા માટે તેના પ્રત્યે હૃદયથી વૈરાગ્ય થવો જોઈએ. ત્યાગ ટકે નહીં વૈરાગ્ય વિના - નિષ્કુલાનંદ

# ભાજપનો આક્રમક પ્રચાર અભિયાન

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટીના પાયામાં જનસંઘ છે અને જયારે દેશ આખામાં કોંગ્રેસ સામે કોઈ ઊની વરાળ કાઢતાં અચકાતું હતું ત્યારે પણ જનસંઘના તત્કાલીન નેતાઓ રાષ્ટ્રવાદના મુદ્દે અને ભારતીય સંસ્કૃતિના નામે આક્રમક પ્રચાર કરતા હતા. બલરાજ મધોક અને અટલ બિહારી વાજપેયી જેવા આક્રમક અને અસરકારક વક્તાઓને સાંભળવા મેદની પણ ઊમટતી હતી. અલબત્ત, ત્યારે પંડિત જવાહરલાલ નહેરુના નામનો જાદુ ચાલતો હતો અને પ્રજા પણ આઝાદીની ચળવળ સાથે સંકળાયેલી કોંગ્રેસ પાર્ટી જ દેશનું સુકાન સંભાળી શકે એવી ગ્રંથિ બાંધી બેઠી હતી. કોંગ્રેસનો આ કરિશ્મા વચ્ચે વચ્ચે થોડા સમય પૂરતો ખંડિત જરૂર થયો પરંતુ મહદંશે રાષ્ટ્રવ્યાપી પાર્ટી તરીકે એને પ્રજાકીય બહુમતી સાંપડતી રહી. છેક ૧૯૭૭માં થયેલ ચૂંટણીમાં કટોકટીના મુદ્દે ઈંદિરાજીના નેતૃત્વ હેઠળની કોંગ્રેસને ઐતિહાસિક શિકસ્ત સાંપડી હતી, જેમાં જયપ્રકાશ નારાયણની હાકલ પણ જમણેરી અને ડાબેરી તમામ પરિબળો ઉપરાંત કોંગ્રેસના અસંતુષ્ટ જૂના જોગીઓ ભળ્યા હતા. અટલ બિહારી વાજપેયી જનતા પાર્ટીની મોરારજી દેસાઈની સરકારમાં વિદેશમંત્રી જેવી મહત્ત્વની ભૂમિકા ભજવતા હતા અને લાલકૃષ્ણ અડવાણીને માહિતી-પ્રસારણ વિભાગની જવાબદારી સોંપાઈ હતી. મૂળે ભારતીય જનતા પાર્ટીના આદિપુરુષોની સત્તા સ્થાને થયેલી આ પહેલી તાજપોશી હતી. ત્યારે સુવાંગ હિંદુત્વને વરેલી જમણેરી પાર્ટી સત્તાનાં તમામ સૂત્રો ગ્રહણ કરી શકે એવી કલ્પના પણ કોઈએ ભાગ્યે જ કરી હશે. પરંતુ ખુદ પંડિત જવાહરલાલ નહેરુએ વિપક્ષમાં બેસતા જનસંઘના તરવરિતા તોખાર - અટલ બિહારી વાજપેયીની 'મેઈડન સ્પીચ' થી પ્રભાવિત થઈ એમની પીઠ થાબડી હતી અને તેઓ ભવિષ્યમાં વડાપ્રધાન બનશે એવી આગાહી કરી હતી. કાળક્રમે વાજપેયી વડાપ્રધાન બન્યા પણ ખરા પરંતુ ત્યારે એમને પણ કલ્પના નહીં હોય કે એમની હયાતીમાં જ ભારતીય જનતા પાર્ટીના એક એવા સુકાની પણ પાકશે જે દેશભરમાંથી કોંગ્રેસનો સફાયો કરવાની ટેક લઈને એ માટે અહર્નિશ પરિશ્રમ કરશે. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય જનતા પાર્ટીને વૈશ્વિક ઓળખ આપી છે અને પોતે વિશ્વનેતાઓની પગંતમાં ક્યારેક પંડિત જવાહરલાલ નહેરુ કે ઈંદિરા ગાંધીનું સ્થાન હતું એથી અદકેરું સ્થાન હાંસલ કરીને ઈતિહાસ રચ્યો છે. આ વખતથી ગુજરાત વિધાનસભાની ચૂંટણી નરેન્દ્રભાઈ માટે અંગત પ્રતિષ્ઠાની બાબત બની રહી છે. દેશ આખામાં કેસરિયો લહેરાવવાની મંશા ધરાવતા પાર્ટીના ચાણક્યપુરુષ અમિત શાહ માટે પણ ગુજરાતની ચૂંટણી પ્રાણપ્રશ્ન સમાન છે. આથી જયારે ચારે બાજુથી આંદોલનો અને એન્ટિ ઈન્કમ્બન્સી જેવા પડકારોથી ઘેરાયેલી પાર્ટી પાસે સ્થાનિક કક્ષાએ પ્રભાવક નેતૃત્વની ખોટ સરજાઈ છે ત્યારે આ ચૂંટણી યેનકેન પ્રકારેણ જીતી લેવા માટે મોદી-શાહની બેલડીએ ધુવાંધાર પ્રચારની વ્યૂહરચના ઘડી છે. ઉમેદવારો પસંદ કરવામાં પણ જાતિગત સમીકરણો ઉપરાંત કોંગ્રેસના તથા એના સમર્થકમાં જોડાયેલાં યુવા આંદોલનકારી નેતાઓના પડકારને પહોંચી વળવા સ્ટાર પ્રચારકોની આખી ફોજ ગુજરાતમાં ઉતારી લીધી છે. મોદી પોતે જ ચૂંટણી લડી રહ્યા હોય એમ એક એક મતવિસ્તાર સુધી એમનો સંદેશો પહોંચે તે રીતે એમની જાહેરા સભાનું આયોજન કરાયું છે, જેથી રાહુલ ગાંધીની રેલીઓથી ઊભા થયેલા ધુમ્મસને વેરવિખેર કરી શકાય. મોદી એમની મંત્રી પરિષદના સાથીઓ ઉપરાંત ફિલ્મી હસ્તીઓ અને જાદુગરોને પણ પ્રચારકાર્યમાં જોતરી પ્રજામાનસમાં સરજાયેલી ભાજપ પ્રત્યેની ઉદાસીનતા દૂર કરવા કૃતસંકલ્પ લાગે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આ માટે શરૂથી જ 'પેજ' પ્રમુખોની નિમણૂક કરીને ઘેર ઘેર મોદીનો સંદેશ પહોંચાડવાનું આયોજન કર્યું છે. નોટબંધી અને જીએસટી જેવા મુદ્દે થયેલ નુકશાનની ભરપાઈ કરવા માટે ખુદ નાણામંત્રી અરુણ જેટલીએ એમણે ગુજરાતની ચૂંટણીમાં પ્રભાવી બનાવ્યા છે. રાહુલ ગાંધી પાસે મોદી જેવી વાક્છટા કે આરએસએસ જેવું નેટવર્ક નથી, વળી ઠેર ઠેર અસંતુષ્ટોનો રાફડો ફાટ્યો છે અને ડેમેજ કંટ્રોલ માટે ગુલામ નબી આઝાદ જેવા વરિષ્ઠ નેતાને ગુજરાત બોલાવવા પડ્યા છે. ભાજપમાં પણ અસંતુષ્ટોનો તોટો નથી, પરંતુ એની પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું શિસ્તબદ્ધ નેટવર્ક ગમે તેવી પ્રતિકૂળતા વચ્ચે પણ એનો બેડો પાર કરી શકે એમ છે.

# આચાર્ય વિનોબાજીની વાણી થકી મહાત્મા ગાંધીની અનોખી ઉત્તર ક્રિયા

**વિનોબાજીએ ગાંધીના અવસાન બાદ સતત તેર દિવસ પ્રવચન થકી બાપુને શ્રદ્ધા સુમન વ્યક્ત કરી છે**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીની જીવન છાયાના વિચાર, વ્યક્તિત્વ સહિતના પડછાયા જેમણે ઝીલ્યા એવા અનેક મહાનુભાવોમાં આચાર્ય વિનોબા ભાવે અગ્ર હરોળમાં સ્થાન પામે છે. ગાંધીજીના નિર્વાણ પછી ભારતીય પ્રજા ઉપરાંત સમગ્ર વિશ્વને ગાંધી બોધ આપીને સતત શાતા પહોંચાડવાનું બહુ મોટું કામ વિનોબાજીએ કર્યું હતું. ગાંધીજીના નિધન પછી ૩૧ જાન્યુઆરીથી ૧૨ ફેબ્રુઆરી ૧૯૪૮, તેર દિવસ સુધી રોજેરોજ પરમધામ (પવનાર), ગોપુરી (નાલબાડી) ખાતે પ્રાર્થનાસભા પછી પ્રવચનો આપ્યા હતા. ભારતીય સંસ્કારોની હિન્દુ પરંપરામાં કોઈના પણ અવસાન બાદ ૧૩ દિવસ સુધી દિવંગતને વિવિધ પ્રકારે શ્રદ્ધાંજલિ આપવાનો ક્રમ શાસ્ત્રને અનુરુપ મનાય છે. વિનોબાજીએ ગાંધીજીના દેહાવસાન બાદ સતત તેર દિવસ સુધી ગાંધીજીની ગેરહાજરીમાં ગાંધી વિચારની પ્રસ્તુતતા વિગતે સમજાવીને મહાત્માને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

સસ્તુ સાહિત્ય મંડળ પ્રકાશન નવીદિલ્હી દ્વારા વિનોબાજીના આ પ્રવચનોને સમાવિષ્ટ કરતી પુસ્તિકા 'ગાંધીજી કો શ્રદ્ધાંજલિ' પ્રકાશિત કરી હતી. વિનોબાજીએ તેર દિવસ દરમિયાન વિવિધ વિષય પરની ગાંધી દષ્ટિ ઉજાગરનો કરી હતી. પરંતુ તત્કાલીન સમાજજીવન અને આઝાદ ભારતમાં બંધારણ અમલમાં આવે એ પછીના દિવસોમાં ગાંધીજીના વિચારો સંદર્ભે સમાજજીવનની સંકલ્પના કેવી હોઈ શકે એની મિમાંસા પણ વ્યક્ત કરી છે.

'ગાંધીજી કો શ્રદ્ધાંજલિ' પુસ્તકિમાં તેર લેખો ઉપરાંત સેવાગ્રામ આશ્રમ વર્ધા ખાતે એ દિવસે દમરિયાન પ્રાર્થના સભાઓમાં આપેલા પ્રવચન ઉપરાંત સંકલ્પ અને પરિશિષ્ટ સમાવિષ્ટ કરવામાં આવેલ છે. એકાવન પૃષ્ઠની આ નાનકડી પુસ્તિકામાં છપાયેલા પ્રવચન લેખો પર નજર કરવા જેવી છે. વિનોબા ભાવેએ ગાંધીજીનું બલિદાન, સામુદાયિક પ્રાર્થના, હમારી જિમ્મેદારી, વર્ધાના નાગરિકોને, ખાદી : મધ્યબિંદુ, વિજ્ઞાન અને અહિંસા, રામથી મોટું નામ, ગાંધીજીનું સ્મારક, સ્મારકમાં વિવેક બુદ્ધિ, ઈશ્વર-અલ્લાહ તેરે નામ, સામુદાયિક અહિંસાની આવશ્યકતા, બે સ્મરણ, પરમાત્મામાં લીન, એવા ગાંધી વધ પછીના તેરમા દિવસ સુધીના તેર પ્રવચન લેખ અને સંકલ્પ ઉપરાંત સર્વત્ર પરમાત્મ દર્શન, આપણા ચોકીદાર અને કર્મયોગ નિષ્ઠા એવા એ દિવસો દરમિયાન અપાયેલા વકતવ્યને પણ લેખ તરીકે સ્થાન અપાયું છે.

પુસ્તિકાનું ટાઈટલ પ્રવચનોમાં અપાયેલી શ્રદ્ધાંજલિને અનુરુપ છે પરંતુ એક ભાવક તરીકે ગાંધીજીના તમામ વિચારો અનુસરીને તટસ્થતાથી જીવન જીવી બતાવનાર વિનોબાજીએ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ-ગાંધીજીની ઉત્તર ક્રિયાના તેરમા દિવસે પવનાર, આશ્રમ, ધામ નદીના તટ પર મહાત્માજીના અસ્થિ વિસર્જન બાદ બપોરે ૧૨ વાગે જે પ્રવચન આપ્યું હતું એના શબ્દો જોવા જેવા છે. વિનોબાજીએ બાપુના અસ્થિ સૃષ્ટિમાં સંચિલિત થઈ ગયા એવો ઉલ્લેખ કરતા શ્રદ્ધાસુમન વ્યક્ત કર્યા હતા.

બાપુને શ્રદ્ધાંજલિ અર્પતા વિનોબાજી કહે છે : 'દેહના જવાથી આત્માનું મૃત્યુ થતું નથી. એનું પ્રમાણ આપણા સહુના મન દઈ રહ્યા છે. જેમનો વિચાર-કાર્ય દેહના બંધનથી મર્યાદિત થયા હતા એ હવે તમારા-આપણાં હૃદયમાં પ્રવેશ કરી રહ્યા છે. ભવિષ્યમાં એના આધારે આપણે આગળ ચાલીશું. અલગ અલગ ધર્મના લોકો આપણા ભાઈ બહેન છે. એ ઓળખીને આપણે ભેદભાવ મિટાવીશું. પોતાના હાથે કાંતેલી ખાદીથી અંગ ઢાંકશું, તમામ ગામડા અરીસાની જેમ સ્વચ્છ રાખશું. વ્યસન તો ત્યાગશું જ સાથે સત્ય અને અહિંસાનું વ્રત લઈશું. આ સંકલ્પ પૂરો કરવાનું ઈશ્વર બળ સહુને આપે એવી પ્રાર્થના પણ વિનોબાજી કરે છે.'

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# કવિ અને ક્રાંતિકારી : ઠાકુર કેશરીસિંહજી બારહટ્ઠ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

આપણાં પરાધિન દેશના મોટા ભાગના નાગરિકો બ્રિટીશ અમલદારોથી દૂર રહેતા હતા. શાસનનો એક પ્રકારનો ભય પણ છવાયેલો હતો. મોટા ભાગના દેશી રજવાડાઓના રાજવીઓ પણ બ્રિટીશ હાકેમોનું વલણ જોઈને તેને અનુસાર વર્તન કરવાનું પસંદ કરતા હતા. દેશમાં આઝાદીની ઉષાના આગમનને હજુ સાડાત્રણ દાયકાનો સમય બાકી હતો. પરાધિનતાના આવા કાળખંડમાં કોઈ વીર વાઈસરોયની સવારી પર બૉંબ ફેંકવાનું સાહસ કરે તો એ જવલ્લેજ બનતી ઘટના ગણાય. આવું વીર કાર્ય કરનાર ક્રાંતિવીર જોરાવરસિંહજી ઠાકુર કેશરીસિંહજીના નાના ભાઈ હતા. બૉંબ ફેંકવાનું આ દુષ્કર કાર્ય તેમણે દિલ્હીમાં ધોળે દિવસે કર્યું અને લોખંડી બંદોબસ્તને થાપ આપી ફરાર થઈ ગયા ! મુક્તિના આ ઉપાસક આજીવન મુક્ત રહ્યા. જગદંબા માતા કરણીજીના ખોળામાં જ્યારે તેઓએ છેલ્લા શ્વાસ લીધા (૧૭ ઓક્ટોબર-૧૯૩૯) ત્યારે પણ તેઓ મુક્ત હતા. બ્રિટીશ સરકારનું વોરંટ અને બ્રિટીશ પોલીસના ૨૭ વર્ષના સખત પ્રયાસો નિષ્ફળ પૂરવાર થયા હતા. ઠાકુર કેશરીસિંહ અને ઠાકુર જોરાવરસિંહ એ બન્ને ભાઈઓ પ્રતાપી પિતા કૃષ્ણસિંહજીના હોનહાર સંતાનો હતા. કૃષ્ણસિંહજી બહુશ્રુત વિદ્વાન અને વીર હતા. સમર્થ ઈતિહાસકાર હતા. મહર્ષિ દયાનંદના પ્રતાપી શિષ્ય હતા. પોતાના ઈતિહાસ લેખનના પ્રારંભે કૃષ્ણસિંહજી જે લખે છે તે યાદગાર તથા ઐતિહાસિક છે. કૃષ્ણસિંહજી લખે છે :

'મૈં (બારહટ્ઠ કૃષ્ણસિંહજી) શપથ-પૂર્વક નિયમ કરતા હૂઁ કિ ઈર્ષા, દ્વેષ, અસૂયા, લોભ, ક્રોધ, ભય પ્રીતિ આદિ કારણોંસે મિથ્યા લેખ કદાપી નહિ લિખૂંગા'

ઈતિહાસ લેખનમાં પણ આટલી નિષ્ઠા ધરાવનાર આ સમર્થ વિદ્વત જનના ઘેર ઠાકુર કેશરીસિંહજીનો જન્મ ૨૧ નવેમ્બર-૧૮૭૨ માં થયો હતો. નવેમ્બર માસમાં દેશસેવામાં જીવતરનું તથા કુટુંબીજનોના મોંઘા બલિદાન અર્પણ કરનાર કેશરીસિંહજીનું વિશેષ સ્મરણ થવું સ્વાભાવિક છે. હિન્દી ભાષાના આપણાં રાષ્ટ્ર કવિ ગણાતા રામધારીસિંહજી 'દિનકર' તેમની કોટા- રાજસ્થાનની મુલાકાત દરમિયાન કેશરીસિંહજીને યાદ કરી (૧૯૬૯) ભાવુક થયા હતા. પછી તેમણે કહ્યું કે કેશરીસિંહજીની રચનાઓને પ્રકાશમાં લાવવી તેજ તેમનું ખરું શ્રાધ્ધ કર્યું ગણાય. ફતેસિંહ માનવે આ વાત તેમના કેશરીસિંહજીના પુસ્તકમાં આલેખી છે. ઠાકુર સાહેબ ક્રાંત દ્રષ્ટા કવિ હતા. તેમના શબ્દોની ચેતના પ્રાણવાન હતી.

વિપદા ઈન સિર પર ઘુટે,
ઉઠે સકલ આધાર,
ગ્રામ ધામ સબ હી લૂટે
બિછૂટે પ્રિય પરિવાર.
રામચરિત સિખવત યહી,
હે સમર્થ વિધિ હાત,
દિન દેખ્યો દેખી નિશા,
પુનરપિ ભયો પ્રભાત.

કેટલીક જગ્યાએ કેશરીસિંહજીએ થોડા શબ્દોમાં ઘણું કહીને પોતાની વાત સ્પષ્ટ કરી છે. એક દોહામાં લખે છે :

ભારત કે સિર શ્યામ થે,
વહ યૌવન સુખદાય,
રામ રાજ્ય બુઢિયા ગયા
ચઢી સફેદી આય.

કવિ કહે છે કે માનવીના મસ્તક ઉપર શ્યામ વર્ણ (કાળા વાળ) છે તે યૌવનનો સુખદ્ સમય છે. આ વાત આપણાં દેશને પણ લાગુ પડે છે. ભારતીયો (કૃષ્ણવર્ણ) નું રાજ્ય સુખદ્ હતું. પરંતુ હવે આ સ્વદેશી રાજ્યને વ્રધ્ધત્વ આવ્યું છે અને સફેદ રંગ ધરાવનાર ગોરા લોકો – ઉરૈ ઈંઠી – નું આધિપત્ય છવાઈ ગયું છે. જીવનના સૌથી કપરા સંજોગોમાં ધીરજ ધારણ કરનારા આ કવિ પોતાના અર્ધાંગનાનું મૃત્યુ સમયે અકળાઈ જાય છે. તેમના પ્રાણવંત શબ્દોમાં વેદના ટપકે છે :

ઘાવ દુઃખ કે સહ લિએ
કુછ ધીર હૂઁ અભિમાન થા,
કિન્તુ સચ આધાર મેં
પ્રાણેશ્વરી કા પ્રાણ થા !
ઉસ 'મણી' બિન હો ગઈ
અંધાર-મય સારી મહી,
પતિત – પાવન દીનબંધો !
શરણ ઈક તેરી ગહી !!

રાજસ્થાનના અનેક લોકો તથા વીર ક્રાંતકારીઓ ઠાકુર સાહેબની નીચેની પંક્તિઓ ગણગણાવતા રહેતા હતા. માતૃભૂમિની સ્વતંત્રતા એજ એમનું લક્ષ હતું :

પ્રધાન માનવીય સત્ય હૈ સ્વતંત્રતા અહા !
વરેણ્ય ધર્મ કર્મ મર્મ મંત્ર હી યહી રહા !
મહાન પ્રાણપ્રાણ વારિ કે તુમ્હે હી ખોજતે
નમામી વિશ્વ – વંદનીય અંત મા ! સ્વતંત્રતે!

સ્વાતંત્રય સંગ્રામની વેદી પર અનેક વીરોના ઉજવળ બલિદાનો દેવામાં આવ્યા તેમાં રાજસ્થાનના આ ચારણ કવિ કેશરીસિંહજીનું ચરિત્ર અગ્રસ્થાને ઝળહળે છે. આ વીર કુટુંબની ગાથા સિવાય રાજસ્થાનના સ્વાતંત્ર્ય સંગ્રામનો પૂર્ણ ઈતિહાસ આલેખી શકાય તેમ નથી. કેશરીસિંહજી ઉચ્ચ કોટીના વિદ્વાન, શિક્ષણશાસ્ત્રી તેમજ સમાજ સુધારક હતા. તેમની બહુમુખી પ્રતિભા હતી. દેશના અગ્રણી ક્રાંતિકારીઓ જેવા કે શામજી કૃષ્ણવર્મા, રાસબીહારી બોઝ, લાલા હરદયાલ વગેરે સાથે તેમનો જીવંત સંપર્ક હતો. કવિરાજના પિતા કૃષ્ણસિંહ બારહટ્ઠ મહર્ષિ દયાનંદના પટ્ટશીષ્ય હતા. સ્વાધીનતા અને બલિદાનના કઠીન સંસ્કાર પિતા તરફથી કેસરીસિંહજીને મળેલા છે. કેશરીસિંહજીની શિક્ષા પર વિશેષ ધ્યાન પિતા તથા તેમના મામાએ આપેલું છે. ઠાકુર કેસરીસિંહજી સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, પાલી, બંગાળી, હિન્દી, મરાઠી તથા ગુજરાતી ભાષાઓનું અધ્યયન કરે છે. વારસામાં મળેલા સંસ્કારોના વિશાળ અનુભવથી સમજણ અને જ્ઞાનના અનેક શિખરો તેમણે સર કરેલા છે. મેવાડ રાજયની રાજકીય સેવામાં ઠાકુર સાહેબે હંમેશા ન્યાય તથા રાજયના ઉજળા ઈતિહાસનું ગૌરવ જળવાઈ રહે તેવા પ્રયાસો કરેલા છે. પંડિત શામજી કૃષ્ણવર્મા જેવા વિચક્ષણ ક્રાંતિકારીની સેવાઓ મેવાડને મળે તે વિચારને વાસ્તવિકતામાં બદલવા પાછળ ઠાકુર સાહેબની દીર્ઘદષ્ટિ હતી. પરંતુ આ બધી હરકતોથી તેઓ અંગ્રેજ અધિકારીઓની આંખમાં કણાની જેમ હંમેશા ખટકતા રહેતા હતા.

કેશરીસિંહજીએ પોતાના પુત્ર કુંવર પ્રતાપસિંહ તથા જમાઈને પણ સ્વાધિનતાની લડતમાં જોડ્યા હતા. કુંવર પ્રતાપસિંહનું બરેલીની જેલમાં અકાળ અવસાન થયું તેની કેટલી વેદના આ પ્રેમાળ પિતાએ અનુભવી હશે તેનું નિરૂપણ કરવા માટે શબ્દો ઓછા પડે છે. બરેલીની જેલમાં તાજેતરમાં રાજ્ય સરકારે કુંવર પ્રતાપના પૂતળાનું સ્થાપન કરીને લોકોનો આદર વ્યકત કરવાનો નોંધપાત્ર પ્રયાસ થયો છે. ઠાકુર કેશરીસિંહજી કાળના કપરા પ્રવાહમાં વિસ્મૃત ન થાય તેવું ભવ્ય ચરિત્ર છે.

# ભગવતીકુમાર શર્માને 'સાહિત્ય રત્ન' પુરસ્કાર અર્પણ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી સાહિત્યના જાણીતા અને સુપ્રતિષ્ઠિત સાહિત્યકાર ભગવતીકુમાર શર્માને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા, ગુજરાત સાહિત્ય અકાદમીનો સર્વોચ્ચ પુરસ્કાર 'સાહિત્યરત્ન પુરસ્કાર-૨૦૧૭' તા. ૧૬-૦૯-૨૦૧૭ના રોજ સુરત મુકામે એનાયત કરવાનો અર્પણવિધિ કાર્યક્રમ, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. અકાદમી તરફથી અપાતો આ સર્વોચ્ચ પુરસ્કાર સુપ્રતિષ્ઠિત સાહિત્યકારને પ્રતિવર્ષ આપવામાં આવે છે. ભગવતીકુમાર શર્મા બિમારીને કારણે પુરસ્કાર અર્પણવિધિ પ્રસંગે હાજર રહી ન શકવાની, ડૉ. વિષ્ણુ પંડ્યાએ હોસ્પિટલમાં રૂબરૂ જઈને ભગવતીકુમાર શર્માને અર્પણ કર્યો હતો.

● સાહિત્ય, શિક્ષણ અને ગ્રામ પુનરુત્થાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓ કે સંસ્થાઓને પુરસ્કૃત કરવાના હેતુસર સ્થાપવામાં આવેલ મનુભાઈ પંચોળી 'દર્શન' ફાઉન્ડેશન દ્વારા સને ૨૦૧૬નો સાહિત્ય એવોર્ડ લેખિકા વર્ષા અડાલજાને આપવાનો કાર્યક્રમ ધીરુબેન પટેલના અધ્યક્ષ સ્થાને તા. ૨૮-૧૦-૨૦૧૭ના રોજ યોજાઈ ગયો. સામાજિક રાષ્ટ્રીય પરિસ્થિતિ અને પરિવર્તનનું નિરુપણ કરનાર દીર્ઘ નવલકથા 'ક્રોસ રોડ' માટે વર્ષા અડાલજાને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. મહેન્દ્રસિંહ પરમારે, આ નવલકથામાં ગૂંથાયેલ તાણા-વાણા અને તેના વણાટ સંદર્ભે વિગતે ચર્ચા કરી હતી. સુપ્રસિદ્ધ સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ આ નવલકથા શબ્દશઃ નહીં, પણ અક્ષરશઃ વાંચી હોવાનો ખુલાસો કરી, તેના અમુક પ્રસંગોના પ્રત્યક્ષીકરણ અંગે ખુલ્લા થઈને વાત કરી હતી. નામાંકિત સાહિત્યકાર કુમારપાળ દેસાઈએ, વર્ષાબેન અને તેમના કુટુંબ સાથેના સંબંધોનો ઉલ્લેખ કરી વર્ષાબેનના પિતા ગુણવંતરાય આચાર્યના વ્યક્તિત્વની જાણકારી આપી હતી. પ્રકાશન શાહે રમુજી શૈલીમાં આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનસુખ સલ્લાએ કર્યું હતું. વર્ષાબેન અડાલજાએ પ્રતિભાવમાં, આ નવલકથા કઈ રીતે લખાઈ તેની વિગતો આપીને નવલકથા લેખનમાં પોતે કયાં મુદ્દાઓ ધ્યાનમાં લે છે તે રજૂ કર્યું હતું.

● ગુજરાતી ભાષાના જાણીતા અને પ્રતિષ્ઠિત હાસ્ય સાહિત્ય સર્જક રતિલાલ બોરીસાગરને મહારાષ્ટ્ર રાજય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા, 'કવિ નર્મદ ગુજરાતી સાહિત્ય પારિતોષિક-૨૦૧૭' તા. ૧૦મી ઓકટોબર - ૨૦૧૭ના રોજ, મુંબઈના ભવન્સ ઓડિટોરિયમ ખાતે યોજાયેલ સમારંભમાં રૂા. ૫૧ હજારની ધનરાશિ, સ્મૃતિચિહ્ન અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમના પુસ્તક 'એન્જોયગ્રાહી' માંથી ચૂંટેલા કેટલાક અંશોનું મુંબઈની રંગભૂમિના ચુનંદા કલાકારો દ્વારા મંચન કરવામાં આવ્યું હતું.

● સાહિત્ય એકેડમી, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર અને પશ્ચિમ ક્ષેત્રે સાંસ્કૃતિક કેન્દ્ર ઉદયપુરના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી અને છત્તીસગઢી સાહિત્ય ગોષ્ઠિનો કાર્યક્રમ અમદાવાદ ખાતે તા. ૮-૧૦-૨૦૧૭ના રોજ કવિ દલપતરામ ચોકમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન સાહિત્ય એકેડમી, દિલ્હીના સચિવ કે. શ્રીનિવાસરાવે કર્યું હતું. ઉદ્ઘાટન વકતવ્ય સાહિત્ય પરિષદના પ્રમુખ ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળાએ આપ્યું હતું. અતિથિ વિશેષ તરીકે છત્તીસગઢના સાહિત્યકાર અને સાહિત્ય એકેડમી દિલ્હીની સામાન્ય પરિષદના સભ્ય કેસરીલાલ વર્માએ એમના વકતવ્યમાં છત્તીસગઢના વિવિધ સાહિત્ય - સ્વરુપોમાં લેખકોએ આપેલ યોગદાનની વિસ્તૃત ચર્ચા કરી હતી. અધ્યક્ષીય વકતવ્ય રઘુવીર ચૌધરીએ આપ્યું હતું. આ કાર્યક્રમની વિશિષતા એ હતી કે તેમાં છત્તીસગઢના બે વાર્તાકારો પરદેશી રામ વર્મા અને રામનાથ સાહુએ વાર્તાપઠન કર્યું હતું. જયારે બે કવિઓ મીર અલી મીર અને સુશિલ 'ભોલે' એ કવિતા પઠન કર્યું હતું. ગુજરાતી સાહિત્યના બે વાર્તાકારો મહેન્દ્રસિંહ પરમાર અને ધરમાભાઈ શ્રીમાળીએ વાર્તાપઠન તથા બે કવિઓ દલપત પઢિયાર અને પ્રવીણ પંડ્યાએ કવિતાપઠન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્ય રસિકોની પાંખી હાજરી ધ્યાન ખેંચનારી હતી.

છેલ્લાં પંદરેક વર્ષથી સંસ્કૃત ગ્રંથોના અનુવાદક, વ્યાખ્યાનો અને સંપાદનો દ્વારા વધુ જાણીતા બનેલા પ્રા. ડૉ. વિજય પંડ્યાને સને ૨૦૧૭માં, પોરબંદરના સાંદિપનિ આશ્રમ સંચાલિત કથાકાર રમેશ ઓઝાના આશિષ સ્વરુપે 'બ્રહ્મર્ષિ એવોર્ડ' આપવામાં આવનાર છે. આ પૂર્વે તેઓ રાષ્ટ્રપતિ પુરસ્કાર અને બીજા કેટલાક પ્રતિષ્ઠિત પુરસ્કારો સમગ્ર દેશમાંથી પ્રાપ્ત થયેલ છે. તેઓએ સંસ્કૃત સાહિત્યના વિવેચકરૂપે અનેક વ્યાખ્યાનમાળાઓમાં અધિકૃતરુપે સુંદર વકતવ્યો આપીને દેશ-દુનિયામાં સંસ્કૃતના વિદ્વાનરુપે યશપતાકા ફેલાવી છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણીમાં પ્રકાશિત થયેલું અને દીપક મહેતાએ લખેલું 'ઓગણીસમી સદીનું ગુજરાતી સાહિત્ય - કેટલાંક વણખૂલ્યાં પાનાં' પુસ્તકને મહારાષ્ટ્ર રાજય ગુજરાતી સાહિત્ય અકાદમીનો ૨૦૧૬નો વર્ષ માટેનો 'વાડીલાલ ડગલી પુરસ્કાર' પ્રાપ્ત થયો છે. એમને પુસ્તકને પ્રથમ પારિતોષિક (સંયુકત) મળ્યું છે. દીપક મહેતાએ આ પુસ્તકમાં અર્વાચીન યુગના પ્રારંભે થયેલાં સર્જનો વિષે પ્રકાશ પાડ્યો છે.

- muljibhaidadhi@gmail.com